# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૪-૧૧-૨૦૨૨**

ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભાજપનો ચલ, ચરિત્ર અને ચહેરો ખુલ્લો પડી ગયો છે. ભાજપના જ ૨૦૨૧માં ચૂંટાયેલા કોર્પોરેટર નિરવ જગદીશભાઈ કવીએ પોતાનો ધર્મ છુપાવીને હિંદુ નામથી ચૂંટણી લડી હતી. આ બાબતે તા. ૮-૬-૨૦૨૧ના રોજ ચૂંટણી કમિશ્નર ગાંધીનગર, અમદાવાદ શહેર પોલીસ, નવરંગપુરા પોલીસ ઈસ્પેક્ટરશ્રી અને નવરંગપુરા વોર્ડના ચૂંટણી ઓફિસરને કોંગ્રેસના ઉમેદવાર શ્રી જયકુમાર પટેલ દ્વારા લેખિત ફરીયાદ કરવામાં આવેલ હતી પરંતુ ઉચિત ન્યાય ન મળતા તા. ૨૭-૧૦-૨૦૨૧ ના રોજ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૨૩માં ફરીયાદ કરેલ હતી.

નવરંગપુરા વોર્ડ 18ના ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટર નીરવ જગદીશભાઈ કવી. જેને પોતાનો મુસ્લીમ ધર્મ છુપાવી એક હિન્દુ નામથી ચૂંટણી લડી, પોતાનો સાચો મુસ્લીમ ધર્મ ખબર ના પડે તે માટે ઉમેદવારીપત્રમાં એફીડેવીટમાં પોતાની સાચી જન્મ તારીખ લખેલ નહી અને ખોટી જન્મ તારીખ લખીને ખોટુ હોવાનું જાણવા છતાં ખોટુ સોગંદનામું કરેલ. અને આ ખોટી જન્મ તારીખ ખોટી હોવાનું જાણવા છતાં તેના આધારે પોતાના ચૂંટણીકાર્ડ, આધાર જેવા અતિમહત્વના સરકારી દસ્તાવેજો બનાવી તેનો સરકારી કામમાં ઉપયોગ કરેલ છે. જેની જે ગંભીર પ્રકારનો ગુનો ફરીયાદ અમો ઉપરોક્ત તમામ જગ્યાએ કરેલ પરંતુ અહીથી કોઈ જ કાર્યવાહી ન થતાં. અમો ફરીયાદી ના છુટકે ન્યાય મેળવવા સારું કોર્ટનો સહારો લીધેલ અને અમોને ભારતની ન્યાય પ્રણાલીકા ઉપર પૂરો વિશ્વાસ અને ભરોસો છે. અમોને ચોક્કસ ન્યાય મળશે. જેમાં ફરીયાદી જયકુમાર પટેલે કેસ સાબિત કરવા માટે – નીરવ કવી જે સ્કુલમાં અભ્યાસ કરેલ હતો તેમને સાક્ષી તરીકે સ્કુલ જી.આર. સાહે હાજર રાખીને પુરાવો આપેલો જે પુરાવો નામદાર કોર્ટે તા. 3-9-2022ના રોજ પંકજ વિદ્યાલય તેમજ સમર્થ વિદ્યાવિહાર સ્કુલના ઓર્થોરાઈઝ વ્યક્તિ હાજર રહીને પુરાવો રજુ કરેલ જે જોતા તેમા સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે. નિરવ જગદીશભાઈ કવીનો ધર્મે – મુસલમાન રાજ કવી મીર છે અને તેની સાચી જન્મ તારીખ 1-6-1975 છે. (જુબાની બતાવી રજીસ્ટર) ખોટી જન્મ તારીખ ફોર્મ મુજબ તા. 11-11-1977.

આમ નિરવ જગદીશભાઈ કવી પોતાનો સાચો ધર્મ છુપાવી હિન્દુ બહુમતી ધરાવતા નવરંગપુરા વોર્ડમાંથી ખોટા પુરાવાઓ બનાવી ખોટા હોવાનું જાણવતા તેનો ઉપયોગ કરી ભ્રષ્ટ આચરણ દ્વારા ચૂંટણી જીતેલ છે જેની સાચી માહિતી નામદાર કોર્ટમાં રજુ થયેલ છે.

ઉપરોક્ત બાબતને સંજ્ઞાનમાં લઈને ચૂંટણી પંચે તાત્કાલીક નિરવ કવીને કોર્પોરેટર પદેથી બરખાસ્ત કરીને પોતાની નિષ્પક્ષતા પુરવાર કરવા પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા માંગણી કરવામાં આવી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત આ પત્રકાર વાર્તામાં ફરિયાદી જયકુમાર પટેલ, નવરંગપુરા વોર્ડ, લીગલ સેલના ચેરમેનશ્રી કલ્પેશ પટેલ, લીગલ સેલના પદાધિકારીશ્રી અરવિંદ વાણીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવકતા
મો. 9898233038

**બિડાણઃ નિરવ કવીનું ચૂંટણી સમયનું એફીડેવીટ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ**
**નિરવ કવીની શાળા પંકજ સ્કુલ અને સમર્થ વિદ્યા વિહારના સામાન્ય રજી. વય પત્રક તથા સોગંદનામા**